Extra No. 302

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVI] **MONDAY, AUGUST 25, 2025 / BHADRA 3, 1947**

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

વાંચ્યા:-

(૧) કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ(સ્ટેટ) ગોધરાના પત્ર જા.નં.સીબી/ગોધરા / ૨૦૫/૨૦૨૫ તા. ૧૪/૦૮/૨૦૨૫

(૨) અત્રેની કચેરીના જાહેરનામા ક્રમાંક : નં.એમએજી/જાહેરનામા/વશી/શી/૧૫૪૫થી ૧૫૫૫/૨૦૨૫ તા. ૧૭/૦૭/૨૦૨૫ના

(૩) ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩ ની જોગવાઈ

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩ (૧) (ખ) હેઠળ

નં.એમએજી/જાહેરનામુ/વશી/ ૧૭૪૮ થી ૧૭૫૮/૨૦૨૫.-કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ (સ્ટેટ) ગોધરાના વંચાણે લીધેલ અ.નં.(૧) ના તા.૧૪/૦૮/૨૦૨૫ના પત્રથી તેઓના વિભાગ વિભાગ હસ્તકના અમદાવાદ-ગોધરા- દાહોદ- ઈન્દોર રોડ કિમી ૧૧૬/૮ થી કિમી ૧૨૯/૪ ગોધરા શહેર માંથી પસાર થતાં રોડ પર ફલાયઓવર બ્રીજ પ્રગતિ હેઠળ છે. હાલમાં સુંદર ફલાયઓવરની કામગીરીમાં આઈ.ટી.આઈ પ્રભા કોતર થી લઈને બસ સ્ટેન્ડ તરફ કામગીરી પ્રગતિમાં છે અને ચર્ચ થી બસ સ્ટેશન તરફ કામગીરી ૨૦/૦૯/૨૦૨૫ થી ચાલુ કરવાનું આયોજન છે. ફલાય ઓવરના બાંધકામ દરમ્યાન શહેરનાં મુખ્ય માર્ગ નો અંદાજી ૧૧.૦૦ થી ૧૨.૦૦ મીટર નો ભાગ ફલાથઓવર બનાવવા માટે ઉપયોગ કરવાનો થાય છે જેથી શહેરનાં મુખ્ય માર્ગ પર ટ્રાફીકની સમસ્યા ના થાય તે અંગે સરકારી અને ખાનગી બસો અને અન્ય અણચણ રૂપ વાહનો ને શહેરમાં પ્રવેશ ન કરવા અંગે જાહેરનામું બહાર પાડવાની આવશ્યકતા રહે છે. જે અંગે ટ્રાફીક પોલીસ અને આર.ટી.ઓ ગોધરા ની અભિપ્રાય મેળવેલ છે. તદઉપરાંત આઈ.ટી.આઈ પ્રભા કોતર થી બસ સ્ટેન્ડ સુધીના મુખ્ય રસ્તા પર કોઈ વાહનને પ્રવેશ આપવાની જરૂરીયાત જણાય તો રાત્રી ૧૨.૦૦ વાગે થી સવારનાં ૫.૦૦ વાગ્યા સુધી સંબંધિત ટ્રાફીક પુલીસ અને આર.ટી.ઓની પરવાનગી મેળવી પ્રવેશ કરવા અંગે અનુમતિ આપવા તથા સુંદર કામગીરી દરમ્યાન ફલાયઓવર બ્રીજ બનાવવા માટે સાથે ઉપયોગી વાહનોને છુંટ આપવા વિનંતી કરેલ છે.

સબબ, અમદાવાદ-ગોધરા-દાહોદ-ઈન્દોર રોડ કિમી ૧૧૬/૮ થી કિમી ૧૨૯/૪ ગોધરા શહેરમાંથી પસાર થતા રોડ પર ફલાયઓવર બ્રીજ પ્રગતિ હેઠળ છે. હાલમાં સદર ફલાય ઓવરની કામગીરીમાં આઈ.ટી.આઈ પ્રણા કોતરથી લઈને બસ સ્ટેન્ડ તરફ કામગીરી પ્રગતિમાં છે અને ચર્ચથી બસ સ્ટેશન તરફ કામગીરી ચાલુ કરવાનું આયોજન છે. ફલાદ ઓવરના બાંધકામ દરમ્યાન શહેરનાં મુખ્ય માર્ગનો અંદાજીત ૧૧.૦૦ થી ૧૨.૦૦ મીટરનો ભાગ ફલાયઓવર બનાવવા માટે ઉપયોગ કરવાનો થાય છે માટે શહેરનાં મુખ્યમાર્ગ પર ટ્રાફીકની સમસ્યા ના થાય તે અંગે સરકારી અને ખાનગી બસો. અને અન્ય અડચણરૂપ વાહનોને શહેરમાં પ્રવેશ ન કરવા અંગેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવો જરૂરી જણાય છે.

અત્રેની કચેરીના હુકમ ક્રમાંક : મકમ/વશી/૧૨૪૧થી ૧૨૬૬/૧૦ તા.૧૬/૦૮/૨૦૧૦થી સરકારશ્રીના મહેસુલ વિભાગ, ગાંધીનગરના ઠરાવ તા.૧૫/૦૨/૧૯૯૯ ની સૂચના મુજબ ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ હેઠળની જિલ્લા મેજિસ્ટ્રટશ્રીની સત્તા અધિક જિલ્લા મેજિસ્ટ્રટશ્રીને સુપ્રત કરવામાં આવેલ છે.

આથી હું જે જે. પટેલ (જી.એ.એસ) અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ ગોધરા, ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ-૩૩(૧)(ખ) અન્વયે મને મળેલ અધિકારની રૂએ અમદાવાદ-ગોધરા-દાહોદ-ઈન્દોર રોડ કિમી ૧૧૬/૮ થી કિ.મી. ૧૨૯/૪ ગોધરા શહેરમાંથી પસાર થતાં રોડ પર ફલાય ઓવર બ્રીજ તેમજ આઈ.ટી.આઈ પ્રભા કોતરથી લઈને બસ સ્ટેન્ડ તરફ કામગીરી પ્રગતિમાં હોઈ તેમજ ચર્ચથી બસ સ્ટેશન તરફ કામગીરી ચાલુ કરવાનું આયોજન હોઈ ફલાય ઓવરના બાંધકામ દરમ્યાન શહેરનાં મુખ્ય માર્ગનો અંદાજીત ૧૧.૦૦ થી ૧૨.૦૦ મીટરનો ભાગ ફલાયઓવર બનાવવા માટે ઉપયોગ કરવાનો થાય છે. જેથી શહેરનાં મુખ્યમાર્ગ પર ટ્રાફીકની સમસ્યા ના થાય તે માટે સરકારી અને ખાનગી બસો અને અન્ય અડચણરૂપ વાહનોને શહેરમાં પ્રવેશ ન કરવા સંબંધિતોને ફરમાવું છું.

૧. મધ્યપ્રદેશ-સંતરોડ દાહોદ-ઝાલોદ-દેવગઢ બારીઆ તરફથી ગોધરા આવતી તમામ સરકારી તથા ખાનગી બસો જવો. પરવડી ચોકડી જલારામ સ્કુલથી-કોટડા ગામ-ચંચોપા ચોકડી-કંકુથાંભલા ચોકડી-છબનપુર ચોકડી અંડરબ્રીજ પંચામૃત ડેરી સર્કલ-એસ.આર.પી-એફ.સી.આઈ ગોડાઉન-ભુરાવાવ ચોકડી થઈ નવિન કાર્યરત હંગામી બસ સ્ટેન્ડ બસ તરફ અવર-જવર કરી શકશે તેવી જ રીતે ગોધરાથી મધ્યપ્રદેશ-સંતરોડ-દાહોદ-ઝાલોદ-દેવગઢ બારીઆ તરફ જતી તમામ સરકારી તેમજ ખાનગી બસો ભુરાવાવ ચોકડી-એફ.સી.આઈ ગોડાઉન એસ.આર પી પંચામૃત ડેરી સર્કલ-છબનપુર ચોકડી અંડરબ્રીજ-કંકુથાંભલા ચોકડી-ચંચોપા ચોકડી-કોટડા ગામ-પરવડી ચોકડી જલારામ સ્કુલ થઈ ગંતવ્ય સ્થાન તરફ જઈ શકશે.

૨. અમદાવાદ રોડ તરફથી ગોધરા બાજુ આવતી તમામ સરકારી તથા ખાનગી બસો ત્રિ મંદિર-ભામૈયા-શિમલા-સેન્ટ આર્નોલ્ડ સ્કુલ તરફ થઈ નવિન કાર્યરત હંગામી બસ સ્ટેન્ડ તરફ અવર-જવર કરી શકશે તેવી જ રીતે ગોધરાથી અમદાવાદ રોડ તરફ જતી તમામ સરકારી તથા ખાનગી બસો સેન્ટ આર્નોલ્ડ સ્કુલ -શિમલા- ભામૈયા-ત્રિ મંદિર થઈ ગતવ્ય સ્થાન તરફ જઈ શકશે.

૩. વડોદરા-હાલોલ તરફથી આવતી તમામ સરકારી તથા ખાનગી બસો તૃમી હોટલ-લીલેસરા ચોકડી-ગદુકપુર ચોકડી-બામરોલી ચોકડી-પરવડી ચોકડી જલારામ સ્કુલથી-કોટડા ગામ-ચંચોપા ચોકડી-કંકુથાંભલા ચોકડી-છબનપુર ચોકડી અંડરબ્રીજ-પંચામૃત ડેરી સર્કલ-એસ.આર.પી-એફ.સી.આઈ ગોડાઉન-ભુરાવાવ ચોકડી થઈ નવિન કાર્યરત હંગામી બસ સ્ટેન્ડ તરફ અવર-જવર કરી શકશે તેવીજ રીતે ગોધરાથી વડોદરા-હાલોલ તરફ જતી તમામ સરકારી તેમજ ખાનગી બસો ભુરાવાવ ચોકડી-એફ.સી.આઈ ગોડાઉન-એસ.આર.પી-પંચામૃત ડેરી સર્કલ-છબનપુર ચોકડી અંડરબ્રીજ-કંકુથાંભલા ચોકડી-ચંચોપા ચોકડી-કોટડા ગામ-પરવડી ચોકડી જલારામ સ્કુલ-બામરોલી ચોકડી-ગદુકપુર ચોકડી-લીલેસરા ચોકડી-તૃમી હોટલ થઈ ગંતવ્ય સ્થાન તરફ જઈ શકશે.

૪. દામાવાવ-બામરોલી રોડથી આવતા તમામ સરકારી તથા ખાનગી બસો બામરોલી ચોકડી-પરવડી ચોકડી જલારામ સ્કુલથી-કોટડા ગામ-ચંચોપા ચોકડી-કંકુથાંભલા ચોકડી-છબનપુર ચોકડી અંડરબ્રીજ-પંચામૃત ડેરી સર્કલ-એસ.આર.પી-એફ.સી.આઈ ગોડાઉન-ભુરાવાવ ચોકડી થઈ નવિન કાર્યરત હંગામી બસ સ્ટેન્ડ તરફ અવર-જવર કરી શકશે તેવીજ રીતે ગોધરાથી દામાવાવ-બામરોલી રોડ તરફ જતી તમામ સરકારી તેમજ ખાનગી બસો ભુરાવાવ ચોકડી-એફ.સી.આઈ ગોડાઉન-એસ.આર.પી-પંચામૃત ડેરી સર્કલ-છબનપુર ચોકડી અંડરબ્રીજ-કંકુથાંભલા ચોકડી-ચંચોપા ચોકડી-કોટડા ગામ-પરવડી ચોકડી જલારામ સ્કુલ-બામરોલી ચોકડી થઈ ગંતવ્ય સ્થાન તરફ જઈ શકશે.

૫. શામળાજી-લુણાવાડા તરફથી ગોધરા તરફ આવતી તમામ સરકારી તથા ખાનગી બસો છબનપુર ચોકડી અંડરબ્રીજ-પંચામૃત ડેરી સર્કલ-એસ. આર.પી-એફ.સી.આઈ ગોડાઉન-ભુરાવાવ ચોકડી થઈ નવિન કાર્યરત હંગામી બસ સ્ટેન્ડ તરફ અવર-જવર કરી શકશે તેવી જ રીતે શામળાજી-લુણાવાડા તરફ જતી તમામ સરકારી તેમજ ખાનગી બસો ભુરાવાવ ચોકડી-એફ.સી.આઈ ગોડાઉન-એસ.આર.પી-પંચામૃત ડેરી સર્કલ-છબનપુર ચોકડી અંડરબ્રીજ થઈ ગંતવ્ય સ્થાન તરફ જઈ શકશે.

અપવાદ : હાલોલ વડોદરા તરફથી ગોધરા આવતી તેમજ ગોધરાથી હાલોલ-વડોદરા તરફ જતી માત્ર સરકારી બસો તા.૨૦-૦૯-૨૦૨૫ સુધી" તૃમિ હોટલ-સિવિલ લાઈન્સ રોડ-ચર્ચ થઈ પોલીસ હેડકવાર્ટર થઈ ભુરાવાવ ચોકડી થઈ નવિન કાર્યરત હંગામી બસ સ્ટેન્ડ સુધીના રોડનો ઉપયોગ કરી શકશે. પરંતુ, સદર રૂટ ઉપરથી અવર-જવર દરમ્યાન લાલબાગ બસ સ્ટેન્ડ પાસે મુસાફરોને લેવા-મુકવા સારૂ સ્ટોપેજ કરવાનું રહેશે નહી. આ જાહેરનામાની તારીખથી તા. ૨૦/૦૯/૨૦૨૫ બાદ મુદ્દા નં.૩ મુજબના રૂટ મુજબ અમલ કરવાનો રહેશે.

આ જાહેરનામાનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે

આજ તારીખ: ૧૪મી ઓગષ્ટ-૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો કર્યો.

જે જે. પટેલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ
પંચમહાલ-ગોધરા

Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2025.10.15 13:56:50 IST